## તંત્રી લેખ......

### ભવિષ્યના ભારતનું નિર્માણ કરવાનો સમય

છેલ્લા દાયકામાં એક મજબૂત દેશ તરીકે ભારતની છબી ચોક્કસપણે સુધરી છે. નવા વર્ષમાં આ બદલાતા ભારતના ભવિષ્યનો વિચાર કરતી વખતે, આપણે દેશની સમૃદ્ધ પ્રાચીન સભ્યતા અને આધુનિક રાષ્ટ્ર-રાજ્યની વિભાવના બંનેને ધ્યાનમાં રાખવી જોઈએ. નૈતિક અને ન્યાયી શાસનનું પ્રતીક, રામરાજ્યની અમીટ છબી હજુ પણ લોકોની સ્મૃતિમાં રહેલી છે. તેથી, જ્યારે આપણે વૈશ્વિકરણ સાથે સુસંગત આકાંક્ષાઓને ધ્યાનમાં રાખવી જોઈએ, ત્યારે આપણે નૈતિકતા, સત્ય અને અહિંસા જેવા ધોરણો સાથે પણ સંબંધિત રહેવું જોઈએ. દેશની પ્રગતિની વાર્તા જોતા, આપણને સાતત્ય અને પરિવર્તન બંનેના તત્વો મળે છે.

આ નવા વર્ષમાં, આપણે ગંભીરતાથી વિચારવું જોઈએ કે વિકસિત ભારત કેવું દેખાશે. ભારતીય સમાજ અનેક પ્રકારની બહુલતાઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે, જે કેટલાક વિચારકો દેશની મૂળભૂત એકતા પર પ્રશ્ન ઉઠાવે છે. તેઓ ભૂલી જાય છે કે, ભારતીય પરિપ્રેક્ષ્યમાં, બહુલતા એ અંતર્ગત મૂળભૂત એકતા - એકમ સદ વિપ્ર બહુધ વદંતિ - નું અભિવ્યક્તિ છે. આ એકતાને શોધવી અને ઓળખવી એ ઉદ્દેશ્ય હોવો જોઈએ. સમગ્ર પ્રાણી સામ્રાજ્યમાં નિકટતાના આધારે વિવિધતાઓનું સહઅસ્તિત્વ અને પરસ્પર સંવાદ, આ ભારતની મૂળભૂત વિચારસરણી છે. આપણા વિચારમાં પરિવારનો રૂપક કેન્દ્રસ્થાને છે તે કોઈ કારણ વગર નથી. આ દ્રષ્ટિકોણ રાષ્ટ્રીય એકતા, પોતાનાપણાની ભાવના અને દેશભક્તિ માટે પણ જરૂરી છે.

ભારત માટે ગયા વર્ષ પડકારોથી ભરેલું રહ્યું છે. યુએસ નીતિએ ભારતની નિકાસ, રૂપિયાના મૂલ્ય, રોકાણો અને ચૂકવણીના સંતુલન માટે પડકારો ઉભા કર્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના યુએસ હિતોના આક્રમક પ્રયાસથી આપણને નુકસાન થયું છે. આને ધ્યાનમાં રાખીને, ભારતે પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ઘણા પગલાં લીધાં છે. **GST** દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને શ્રમ કાયદાઓમાં સુધારો કરવામાં આવ્યો હતો. તે એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે કે, આંતરરાષ્ટ્રીય અનિશ્ચિતતાના ભયાનક સંજોગોમાં પણ, ભારતનો ય્હૂઁ વૃદ્ધિ દર વિશ્વમાં સૌથી વધુ રહ્યો.

છૂટક ફુગાવો પણ આઠ વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચ્યો. સારું ઉત્પાદન, સુધારેલ સપ્લાય ચેઈન અને નીચા ક્રૂડ ઓઈલના ભાવ આ પરિસ્થિતિમાં ફાળો આપે છે. શેરબજારમાં સ્થાનિક રોકાણકારોએ આપણી અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી છે. આવકવેરા ફાઈલિંગ અને કર વસૂલાતમાં પણ સુધારો થયો છે. વીજળી, શહેરી વિકાસ, ખાણકામ અને નાણાકીય સેવાઓના ક્ષેત્રોમાં નવી પહેલ શરૂ કરવામાં આવી છે. ભારત એક મોટી વૈશ્વિક આર્થિક શક્તિ બનવા તરફ આગળ વધી રહ્યું છે અને ૨૦૩૦ સુધીમાં **$7.3** ટ્રિલિયનના **GDP** સાથે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનો અંદાજ છે. સામાજિક રીતે, મધ્યમ વર્ગનું કદ વધી રહ્યું છે, જેના કારણે વપરાશ અને શહેરીકરણમાં વધારો થયો છે, અને ગરીબીમાં ઘટાડો થયો છે. દેશનું માળખાગત સુવિધા વિસ્તરી રહી છે. ડિજિટલ ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , અવકાશ વિજ્ઞાન, મેટ્રો અને બુલેટ ટ્રેનમાં પણ પ્રગતિ થઈ રહી છે. ઉત્પાદન,આરોગ્યસંભાળ અને સ્ટાર્ટઅપ્સમાં નોંધપાત્ર વૃદ્ધિને કારણે મેડ ઈન ઈન્ડિયા પહેલ રોજગારની નવી તકો ઉભી કરી રહી છે. ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે, અને સ્વદેશી વિકાસની નીતિ અપનાવવામાં આવી રહી છે.

સરકારના મહત્વપૂર્ણ અંગ તરીકે નાગરિકોની સલામત સવારી અને સમયપાલનનું સેવા દાયિત્વ બસના સારથિના શિરે છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના ડ્રાઈવર અને હેલ્પર કક્ષાના ઉમદવારોને નિમણૂંકપત્ર એનાયત કર્યા







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના ૩૦૮૪ ડ્રાઈવર અને ૧૬૫૮ હેલ્પર કક્ષાના ઉમદવારોને ગાંધીનગરમાં નિમણૂંકપત્ર એનાયત કર્યા હતા. નિમણૂંક પત્ર એનાયત સમારોહના અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માર્ગ વાહન વ્યવહાર નિગમની બસોના ડ્રાઈવર્સ છેવાડાના માનવી સુધી પહોંચે છે. એટલે આ બસ ચાલકો સલામત સવારીની સાથે સમયપાલનની મોટી જવાબદારીનું વહન કરીને રાજ્ય સરકારની ઈમેજ ઘડનારા મહત્વપૂર્ણ અંગ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ નાનામાં નાના માનવી સુધી રોડ-રસ્તા, વીજળી-પાણી, આરોગ્ય સેવા, બસ સેવા જેવી પાયાની સુવિધાઓ પહોંચે તેવો વિકાસ સુનિશ્ચિત કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવી નિમણૂંક પામેલા ઉમેદવારોને રાજ્યની પરિવહન વ્યવસ્થાના પ્રહરી ગણાવ્યા હતાં. આ અંગે તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યની વાહન વ્યવહાર વ્યવસ્થાનો કાયાપલટ કર્યો અને જરીપુરાણી જૂની બસોમાંથી એસી વોલ્વો જેવી બસો આજે નાગરિકોની સેવામાં કાર્યરત કરી છે. રાજ્ય સરકારે વાહન વ્યવહારમાં જે આધુનિક સુવિધાઓ ઊભી કરી છે તેને સારી રીતે સાચવવાની મહત્વની જવાબદારી બસ ડ્રાઈવર્સ અને હેલ્પર્સના શિરે છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નાગરિકો એસ.ટી. ડ્રાઈવરોના ભરોસે નિશ્ચિંત થઈને મુસાફરી કરે છે. નાગરિકોને સમયસર ગંતવ્યસ્થાન સુધી પહોંચાડીને સરકારી સેવાની સાથે સામાજિક દાયિત્વ નિભાવવાનું પણ કાર્ય આ બસચાલકો કરે છે. એટલે કે સામાન્ય માનવીના જીવન સાથે સંકળાયેલા બસ ચાલકો તન-મનથી સ્વસ્થ રહે તે જરૂરી છે તેવો અનુરોધ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે, ગમે તે પરિસ્થિતિમાં સ્વસ્થ રહીને, માનસિક સંતુલન જાળવીને ફરજ બજાવવી જરૂરી છે. આ માટે પોઝિટીવિટીથી કાર્યરત રહીને તેમજ જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાં બેલેન્સ રાખવાની સજ્જતા કેળવવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું હતું કે, આજે જીપીએસ સહિતની સુવિધાઓથી સજ્જ બસોનું ટ્રેકિંગ નાગરિકો મોબાઈલના માધ્યમથી કરી શકે છે. આથી જેમના માટે આ બસો ચાલી રહી છે તે નાગરિકોની સમયબદ્ધતા જળવાય તેની કાળજી પણ બસચાલકોએ રાખવાની છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ ૨૦૪૭માં ભારતને વિકસિત બનાવવા માટે જે લક્ષ્ય રાખ્યું છે તેમાં સ્વચ્છતાને પ્રાથમિકતા આપી છે. આ સંદર્ભે તેમણે રાજ્યની આધુનિક સુવિધાથી સજ્જ બસોમાં સ્વચ્છતા જાળવવા માટે નવા માનવબળને આહવાન કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જન સારથિ ડ્રાઈવિંગ સ્કૂલનો શુભારંભ પણ કરાવ્યો હતો.

● નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

રાજ્યના નાગરિકોની સુખાકારી માટે ૩૬૫ દિવસ અને ૨૪ કલાક કાર્યરત વિભાગોના કર્મચારીઓને અભિનંદન પાઠવતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, જ્યારે આખું જગત તહેવારો ઉજવતું હોય છે, ત્યારે ગુજરાતના કેટલાક વિભાગો એક મિનિટ માટે પણ અટકતા નથી. તેમણે ગર્વ સાથે કહ્યું કે હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયર બ્રિગેડ અને વીજળી વિભાગની જેમ એસ.ટી. નિગમના સૌ કર્મચારીઓની સેવાઓ વર્ષના ૩૬૫ દિવસ અને ૨૪ કલાક કાર્યરત રહે છે. રાત-દિવસ, ઠંડી, ગરમી કે વરસાદ જોયા વિના કામ કરતા આ કર્મયોગીઓની મહેનત જ ગુજરાતના સુશાસનનો સાચો આધારસ્તંભ છે અને તેમની અવિરત જનસેવાની જ્યોતને તેમણે મંચ પરથી દિલથી સેલ્યુટ કરી હતી.

રાજ્ય સરકારની કાર્યક્ષમતા પર પ્રકાશ પાડતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ૩૦૮૪ ડ્રાઈવર અને ૧૬૫૮ હેલ્પર કક્ષાના નવનિયુક્ત ઉમેદવારોની આ ભરતી પ્રક્રિયા દ્વારા નિગમને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે.

પરિવહન ક્ષેત્રે ભવિષ્યના લક્ષ્યાંકો નિર્ધારિત કરતા શ્રી સંઘવીએ જણાવ્યું કે, દૈનિક અંદાજિત ૨૪ લાખ મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડતા એસટી નિગમે વર્ષ ૨૦૨૫ સુધી ૨૭ લાખ મુસાફરોને સેવા પૂરી પાડવા એક લક્ષ્યાંક નક્કી કર્યો હતો. એસ.ટી. નિગમ દ્વારા નિર્ધારિત સમયમાં દૈનિક ૨૭ લાખ મુસાફરોને સેવા આપવા કરેલો લક્ષ્યાંક સિદ્ધ કરી દીધો છે તે ગર્વની વાત છે. હવે ૨૦૨૭ સુધીમાં આ લક્ષ્યાંકને વધારીને ૩૦ લાખ સુધી પહોંચાડવાનો સરકારનો સંકલ્પ છે. એક અભ્યાસ મુજબ આ લક્ષ્યાંક સિધ્ધ થશે તો હાઈવે લોડમાં તો ઘટાડો થશે જ, સાથે સાથે જાહેર માર્ગો પર ફરતા ફોર વ્હીલર અંદાજે ૨૫ હજાર અને ટુ વ્હીલર અંદાજે ૧ લાખ ઘટશે, જે પ્રદૂષણની સાથે સાથે ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં પણ મહત્વપૂર્ણ સાબિત થશે. આ ઉપરાંત, હાલમાં ૯ લાખ વિદ્યાર્થીઓ એસ.ટી. બસોનો લાભ લઈ રહ્યા છે, જેને વધારીને ૧૦ લાખ સુધી લઈ જવાનું લક્ષ્ય છે. જો આપણે ૧૦ લાખ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકીશું, તો વધુ એક લાખ પરિવારોને સીધી મદદ મળશે અને તે એક લાખ બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવામાં આપણું યોગદાન ઉમેરશે.

૨૦૨૫માં એસટી વિભાગ દ્વારા કરવામાં આવેલા કાર્યોથી માહિતગાર કરતા શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, માત્ર એક વર્ષમાં ૧૭૧૪ નવી નક્કોર બસો પ્રજાની સેવામાં મૂકવામાં આવી છે. જેમાં ૯૬૨ સુપર એક્સપ્રેસ, ૨૭૨ સેમી લક્ઝરી, ૩૫૦ મિડી બસો તથા ૩૦ વોલ્વો અને ૧૦૦ એસી બસોનો સમાવેશ થાય છે. આ સાથે જ મુસાફરોની સુવિધા માટે ૨૦૨૫માં ૨૭ નવા બસ સ્ટેન્ડોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે અને ભવિષ્ય માટે ૨૯ નવા કામોના ખાતમુહૂર્ત પણ કરી દેવામાં આવ્યા છે. તેમણે તમામ કર્મચારીઓને બસો અને બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા જાળવવા પર વિશેષ ધ્યાન આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી પ્રવિણ માળીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં એસ.ટી. નિગમે અનેક નવા આયામો હાંસલ કર્યા છે. આવનારા સમયમાં એસ.ટી. નિગમ ૧૦૦ ટકા ડિજિટલ પેમેન્ટ તરફ આગળ વધશે, જેના પરિણામે નાગરિકોને છુટ્ટા પૈસા સાથે લાવવામાંથી મુક્તિ મળશે. છેલ્લા અંદાજિત ૪૦ દિવસમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ૪૫ હજારથી વધુ ઉમેદવારોને સરકારી નોકરી માટે વિવિધ વિભાગોમાં નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે .વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશભરમાં સરકારી નોકરી માટે શરૂ કરાયેલી ૧૦૦ ટકા પારદર્શક રીતે, પરીક્ષાઓ યોજીને વધુને વધુ ઉમેદવારો નોકરી મળી રહે તે પ્રકારનું આયોજન ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં થઈ રહ્યું છે. રાજ્યમાં ગુડ ગવર્નન્સના પરિણામે છેવાડાના યુવાનો પણ પરીક્ષા પાસ કરીને સરકારી સેવામાં જોડાઈ રહ્યા છે.

કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રતીક રૂપે ચાર ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરાયા હતા તેમજ વાહન વ્યવહાર નિગમ દ્વારા બનાવવામાં આવેલી જન સારથિ ડ્રાઈવિંગ સ્કૂલનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

અગ્રસચિવ શ્રી હારિત શુક્લએ સૌનું સ્વાગત અભિવાદન કરતા, અંદાજે ૪૭૦૦ જેટલા નવા જોડાતા કર્મયોગીઓની પારદર્શી અને મેરિટ આધારિત નિમણૂકની સંપૂર્ણ પ્રક્રિયાને બિરદાવી હતી.

આ પ્રસંગે મેયર શ્રીમતી મીરાંબેન પટેલ, ધારાસભ્ય સર્વ શ્રી રીટાબેન પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી બલરાજસિંહ ચૌહાણ, અગ્રણી શ્રી આશિષભાઈ દવે, મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રી એમ.નાગરાજન તથા બહોળી સંખ્યામાં નવ નિયુક્ત ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તરાયણ/મકર સંક્રાંતિના તહેવારને ધ્યાનમાં રાખીને, રેલ્વે વહીવટીતંત્રે સામાન્ય લોકોને પાટા ઉપર લગાવેલા હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રિક વાયરથી દૂર રહેવા અપીલ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તમામ સેક્સનોમાં રેલવે લાઈન ઉપરથી ૨૫,૦૦૦ વોલ્ટ **(25 kV)**ની ઓવરહેડ ઈલેક્ટ્રિક **(OHE)** હાઈ વોલ્ટેજ વિદ્યુત તાર લગાવેલી છે, જે અત્યંત જીવલેણ છે. એ જોવામાં આવ્યું છે કે ઉત્તરાયણ/ મકરસંક્રાંતિ તહેવાર દરમ્યાન આ પતંગ ઉડાવતી વખતે પતંગ ની દોરી આ હાઈ વોલ્ટેજ તારોમાં ફસાઈ જાય છે. આ માંમલા માં રેલવે કર્મચારી જ્યારે કામ કરે છે. તો આ દોરી ના સંપર્ક માં આવવાથી ગંભીર





વિધ્યુત ઝટકાનો ખતરો રહે છે જે અત્યંત જેનાથી જીવ ને નુકશાન થઈ શકે છે. આ સિવાય કેટલીક વાર આમ નાગરીક પણ રેલવે ટ્રેક નજીક પતંગ ઉડાવે છે તથા ઓવેરહેડ તારો માં ફસાયેલી પતંગ ને નીકાળવાનો પ્રયાસ કરે છે, જે અત્યંત ખતરનાક અને જીવલેણ થઈ શકે છે. રેલવે પ્રશાસન તમામ નાગરિકોને અપીલ કરે છે કે સામાજિક હિતને ધ્યાનમાં રાખીને જાતે સાવચેત રહેવા તથા વધુમાં વધુ લોકોને જાગૃત કરે.

અમદાવાદ મંડળ દ્વારા જનસામાન્ય માટે સુરક્ષા જાગૃતિ અભિયાન

ઉત્તરાયણ પર્વ દરમિયાન રેલવે ટ્રેકની આસપાસ તથા ઉપરથી પસાર થતી ૨૫,૦૦૦ વોલ્ટની ઓવરહેડ ઈલેક્ટ્રિક લાઈનોને કારણે ગંભીર અકસ્માતોની શક્યતા રહે છે. જનહિતમાં રેલવે પ્રશાસન દ્વારા સામાન્ય નાગરિકોને સુરક્ષા સંબંધિત માર્ગદર્શન (કાઉન્સેલિંગ) આપવામાં આવી રહ્યું છે તથા જરૂરી સાવચેતીઓ અપનાવવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. તમારી તથા અન્યની સુરક્ષા માટે કૃપા કરીને નીચેની સાવચેતીઓ અવશ્ય અપનાવોઃ

- ● રેલવે ટ્રેક, બ્રિજ, સ્ટેશન, પોલ તથા ઓવરહેડ વિદ્યુત તારોથી દૂર રહી પતંગ ઉડાવો.
- ● રેલવે વિસ્તારમાં પડી ગયેલી કે ફસાઈ ગયેલી પતંગ અથવા (માંઝા) દોરી ઉઠાવવાનો પ્રયાસ ન કરો
- ●બાળકો પર ખાસ ધ્યાન રાખો અને તેમને રેલવે વિસ્તારમાંથી દૂર રાખો.

સુરક્ષિત રહો — જવાબદારીપૂર્વક ઉત્તરાયણ ઉજવો.

## રવિ સીઝનમાં ગુજરાતના ખેડૂતોએ ઘઉં, ચણા અને મકાઈ જેવા પાકોનું કર્યું વિક્રમી વાવેતર

ગુજરાત રાજ્યમાં ખરીફ સીઝન બાદની મહત્વની ગણાતી રવિ કૃષિ સીઝન હવે તેના અંતિમ તબક્કામાં છે. ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે ચાલુ વર્ષે રવિ પાકોના વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૪૩ લાખ હેક્ટર રહ્યો છે, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૯૬ ટકાથી વધુ એટલે કે, ૪૪.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની પૂર્ણ સંભાવના છે. ભારતના કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણ છે. રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમ જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉંના પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૨૪ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું વાવેતર નોંધાયું છે. ઘઉં સહિત રાજ્યમાં ધાન્ય પાકોનું કુલ ૧૪.૮૩ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે.

આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકોમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૭.૪૮ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે ૧૩ ટકાની વૃદ્ધિ સાથે અત્યાર સુધીમાં કુલ ૮.૪૭ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે. જ્યારે, ચણા સહિત કઠોળ પાકોનું રાજ્યમાં ૧૧ ટકાની વૃદ્ધિ સાથે ૮.૯૬ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. તેવી જ રીતે, અત્યાર સુધીમાં રાજ્યમાં જીરા જેવા મસાલા પાકોનું ૩.૭૫ લાખ હેક્ટર વિસ્તારમાં તેમજ રાઈ જેવા તેલીબિયાં પાકોનું કુલ ૨.૭૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. આટલું જ નહીં, ગુજરાતમાં ચાલુ રવિ સીઝન દરમિયાન બટાટાનું પણ મબલખ વાવેતર જોવા મળ્યું છે. બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૪૦ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયું હતું, જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં ૧૮ ટકાની વૃદ્ધિ સાથે કુલ ૧.૬૬ લાખ હેક્ટરમાં બટાટાનું વાવેતર નોંધાયું છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

પરિચાલન તથા વાણિજ્યિક પ્રદર્શન

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું ડિસેમ્બર ૨૦૨૫માં રેકોર્ડ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ડિસેમ્બર ૨૦૨૫માં પરિચાલન અને વાણિજ્યિક બંને ક્ષેત્રોમાં ઐતિહાસિક પ્રદર્શન કરીને માલ પરિવહન, આવક સર્જન તથા મુસાફર સેવાઓમાં અત્યાર સુધીના શ્રેષ્ઠ રેકોર્ડ સ્થાપિત કર્યા છે. ઉપલબ્ધિ મંડળની સતત યોજના, કાર્યક્ષમ પરિચાલન, વ્યવસાય વિકાસ તથા કર્મચારીઓના સમર્પણનું પ્રતિબિંબ છે.

● ડિસેમ્બર ૨૦૨૫માં મંડળે અત્યાર સુધીનું સર્વાધિક સરેરાશ દૈનિક માલ લોડિંગ ૩,૨૨૪.૭૪ વેગન નોંધાવ્યું, જે નવેમ્બર ૨૦૨૪માં નોંધાયેલા અગાઉના રેકોર્ડ ૩,૦૯૪.૮૪ વેગનથી વધુ છે. જથ્થાની દષ્ટિએ પણ મંડળે ૫.૦૩ મિલિયન ટનનું અત્યાર સુધીનું સર્વોચ્ચ માસિક માલ લોડિંગ હાંસલ કર્યું છે, જે અગાઉના ૪.૮૧ મિલિયન ટનના રેકોર્ડ કરતાં વધુ છે.

●ક્ષેત્રવાર પ્રદર્શન પણ નોંધપાત્ર રહ્યું. ગાંધીધામ ક્ષેત્રે ૨,૪૬૨.૯૭ વેગન પ્રતિ દિવસની સરેરાશ સાથે અત્યાર સુધીની સર્વોચ્ચ લોડિંગ નોંધાઈ, જ્યારે અમદાવાદ ક્ષેત્રે ૭૬૧.૭૭ વેગન પ્રતિ દિવસનું પ્રદર્શન કર્યું. ગાંધીધામ વિસ્તારમાંથી અત્યાર સુધીના સૌથી વધુ ઔદ્યોગિક મીઠાના વેગન લોડ કરવામાં આવ્યા ડિસેમ્બર ૨૦૨૫માં ૪,૭૯૭, જે જુલાઈ ૨૦૨૫ના અગાઉના શ્રેષ્ઠ ૪,૫૨૨ વેગન કરતાં વધુ છે.

● માલવાર પરિવહનમાં તમામ મુખ્ય ક્ષેત્રોમાં વધારો નોંધાયો. મીઠાની લોડિંગ ૩૭૩.૮૪ વેગન પ્રતિ દિવસના રેકોર્ડ સ્તરે પહોંચી, જે મંડળના ઈતિહાસમાં સર્વોચ્ચ છે. ઉપરાંત **POL**, ખાતર, કોલસા, કન્ટેનર, ઓટોમોબાઈલ તથા અન્ય વિવિધ વસ્તુઓમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ડિસેમ્બર ૨૦૨૪ની તુલનામાં વાણિજ્યિક ક્ષેત્રમાં ઉત્તમ પ્રદર્શન નોંધાવતા માલ, મુસાફર આવક, ટિકિટ તપાસ, ગેર-ભાડા આવક તથા વ્યવસાય વિકાસ પહેલોમાં નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે.

### અમદાવાદ મંડળે ડિસેમ્બર ૨૦૨૫માં માલ લોડીંગમાં ભારતીય રેલમા ૭મું સ્થાન પ્રાપ્ત કર્યુંઃ ડિસેમ્બર ૨૦૨૫માં મંડળે ૫ મિલિયન ટનથી વધુનું રેકોર્ડ લોડિંગ કર્યું અને અંદાજે રૂા.૮૮૫ કરોડનું આવક પ્રાપ્ત કરી




●ડિસેમ્બર ૨૦૨૫માં મંડળે કુલ રૂા.૮૮૪.૮૯ કરોડની આવક પ્રાપ્ત કરી હતી, જ્યારે ડિસેમ્બર ૨૦૨૪માં આ રૂા.૭૦૨.૩૫ કરોડ હતો. માલ આવક ?૫૩૬.૦૨ કરોડથી વધીને રૂા.૭૦૧.૩૯ કરોડ થઈ, જે નાણાકીય વર્ષનું અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ માસિક માલ પ્રદર્શન છે તેમજ નિર્ધારિત કરાયેલા લક્ષ્ય કરતાં પણ વધારે છે.

● મુસાફર આવક રૂા.૧૬૭.૦૦ કરોડ નોંધાઈ, જ્યારે ટિકિટ તપાસ દ્વારા આવક રૂા.૨.૧૦ નોંધવામાં આવી આ સમયગાળા દરમિયાન મંડળે કુલ ૩૫.૭૭ લાખ મુસાફરોનું પરિવહન કર્યું.

● બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ **(BDU)** ના કેન્દ્રિત પ્રયત્નોના પરિણામે અનેક સામગ્રીમાં અત્યાર સુધીની સર્વોચ્ચ આવક નોંધાઈ, જેમાં ખાતર (રૂા.૨૪૦.૯૭ કરોડ), કન્ટેનર ટ્રાફિક (રૂા.૨૧૧.૪૫ કરોડ) તથા મીઠું (રૂા.૧૧૪.૦૪ કરોડ)નો સમાવેશ થાય છે. ગાંધીધામ, મોથાળા, શિરવા, સનોસરા અને સામાખ્યાલી જેવા માલ ટર્મિનલોએ પણ અત્યાર સુધીની સર્વોચ્ચ કમાણી નોંધાવી છે.

● ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રૂા.૨૬.૮૭ કરોડની એકદિવસીય માલ આવક સાથે નાણાકીય વર્ષનું સવર્શ્રેષ્ઠ રહ્યું. અમદાવાદ મંડળે ડિસેમ્બર ૨૦૨૫માં માલ લોડિંગમાં ભારતીય રેલવેમાં ૬મું સ્થાન તથા કુલ પ્રદર્શનના આધારે ૭મું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

● પાર્સલ, લીઝિંગ તથા ગેર-ભાડા આવક ક્ષેત્રોમાં ઈ-હરાજી મારફતે અનેક સંપત્તિઓનું ફાળવણી કરવામાં આવી છે, જેના પરિણામે કરાર અવધિ દરમિયાન રૂા.૨૩.૫૫ કરોડની આવક પ્રાપ્ત થશે. ડિસેમ્બર ૨૦૨૫ સુધી ગેર-ભાડા આવક રૂા.૧૦.૮૪ કરોડ રહી, જે મંડળના ઈતિહાસમાં સર્વોચ્ચ છે, અને આ સાથે મંડળે ભારતીય રેલવેમાં ૪મું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

● મુસાફર કેન્દ્રિત પહેલોના ભાગરૂપે કુલ ૪૧ વિશેષ ટ્રેન ફેરાઓનું સંચાલન કરવામાં આવ્યું.

● મુસાફરોની સુવિધા માટે મહત્વની એક્સપ્રેસ ટ્રેનોને વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે.

● ટિકિટ તપાસ અભિયાનોને વધુ સઘન બનાવી બિનટિકિટ તથા અનિયમિત મુસાફરી પર અસરકારક નિયંત્રણ લાવવામાં આવ્યું છે.

● ડિજિટલ ટિકિટિંગને પ્રોત્સાહન આપી મુસાફરોને સરળ, પારદર્શક અને સુલભ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

● કેટરિંગ એકમો, **OSOP** સ્ટોલ, પે-એન્ડ-યૂઝ શૌચાલયો, પાર્કિંગ કરારો તથા જાહેરાત પહેલો દ્વારા આવકમાં વધારો કરવામાં આવ્યો છે તેમજ મુસાફર સુવિધાઓમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદામાં રૂ.૧૦૧૫ અને ચાંદીના વાયદામાં રૂ.૮૦૯૯નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૯ લપસ્યો

## ઈલેક્ટ્રિસિટી વાયદામાં નરમાઈ: એલચી, મેન્થા તેલના વાયદામાં સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૫૬૨.૦૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૬૧૮૦.૮૯ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૪૦૩૪.૪૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૫૫૪૯ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૯૬૭૫૬.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૦૫૬૨.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૬૬૧૮૦.૮૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૫૪૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૬૭૨.૩૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૦૩૪.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૯૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૯૯૯ અને નીચામાં રૂ.૧૩૬૫૨૩ના મથાળે અથડાઈ, રૂ.૧૩૫૮૦૪ના આગલા બંધ સામે રૂ.૧૦૧૫ વધી રૂ.૧૩૬૮૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૭૨ વધી રૂ.૧૧૨૪૦૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૨ વધી રૂ.૧૪૦૨૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦૨ વધી રૂ.૧૩૪૪૭૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭૧૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૭૭૫૦ અને નીચામાં રૂ.૧૩૭૧૪૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩૬૬૯૭ના આગલા બંધ સામે રૂ.૯૬૫ વધી રૂ.૧૩૭૬૬૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૯૦૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૪૯૯૯ અને નીચામાં રૂ.૨૩૯૦૪૧ના મથાળે અથડાઈ, રૂ.૨૩૫૮૭૩ના આગલા બંધ સામે રૂ.૮૦૯૯ વધી રૂ.૨૪૩૯૭૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૦૫૨ વધી રૂ.૨૪૬૦૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૭૯૫૬ વધી રૂ.૨૪૫૯૬૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૬૯.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૧૭.૧ વધી રૂ.૧૩૦૯.૬ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૪ વધી રૂ.૩૦૯.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૬.૪ વધી રૂ.૩૦૩.૭ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૨૫ પૈસા વધી રૂ.૧૮૩ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૪૬.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૬૭ અને નીચામાં રૂ.૪૪૧૨ના મથાળે અથડાઈ, રૂ.૪૪ ઘટી રૂ.૪૪૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૪૨ અને નીચામાં રૂ.૫૧૫૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૨૩ના આગલા બંધ સામે રૂ.૨૯ ઘટી રૂ.૫૧૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨૮ ઘટી રૂ.૫૧૯૫ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૭ ઘટી રૂ.૩૨૬.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨.૯ ઘટી રૂ.૩૨૬.૯ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૯.૯ના ભાવે ખૂલી, રૂ.૩૩.૮ વધી રૂ.૧૦૪૧.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૫ના ભાવે ખૂલી, રૂ.૧૭ વધી રૂ.૨૬૫૮ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૦૧૩.૭૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૦૨૦.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૩૫૩૬.૧૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩૮.૯૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮.૪૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૬૫.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૯.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૭૬.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૬૧.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૭ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૮૮૯૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૪૩૩૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૦૮૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૦૩૩૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૬૪૩૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૬૧૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૮૦૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૩૯૫૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૪૯૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૧૧૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૦૪૩૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૩૨૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૫૯૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૫૩૨૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૯૮ પોઈન્ટ વધી ૩૫૫૪૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૭ ઘટી રૂ.૧૧૬.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮ ઘટી રૂ.૨૨.૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૨ વધી રૂ.૧૭૨૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૪૭ વધી રૂ.૧૮૨૭૪ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૫૯ વધી રૂ.૭૬.૪ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૧ વધી રૂ.૧૩.૦૯ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૨૫ ઘટી રૂ.૧૧૮.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨ ઘટી રૂ.૨૩.૧૫ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧ વધી રૂ.૨૦૭૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જાન્યુઆરી રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૨૧ વધી રૂ.૧૫૪૦૦ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૭ વધી રૂ.૧૨૮.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ વધી રૂ.૨૧.૮૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૪ ઘટી રૂ.૭૨૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૫૬.૫ ઘટી રૂ.૨૩૧૩ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧.૮૩ ઘટી રૂ.૬૭.૧ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૩ ઘટી રૂ.૭ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૨૫ વધી રૂ.૧૨૯.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૧૨.૪૫ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૭ ઘટી રૂ.૨૪૪૬.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૨.૫ ઘટી રૂ.૨૩૦૦ના ભાવે બોલાયો હતો.

# ગુજરાતની રાજનીતીમાં વધુ એક ગરમાવો : અનંત પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી શકયતા

પ્રતિનિધિ,ગાંધીનગર

દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટામાં રાજકીય માહોલ ફરી એકવાર ગરમાયો છે. વલસાડ-ડાંગ બેઠકના સાંસદ ધવલ પટેલે કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ અને આમ આદમી પાર્ટી નેતા ચૈતર વસાવા પર આકરા પ્રહારો કર્યા છે.

ધવલ પટેલે દાવો કર્યો છે કે અનંત પટેલ ટુંક સમયમાં કોંગ્રેસનો પંજો છોડીને આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરી શકે છે.

સાંસદ ધવલ પટેલે એક જાહેર નિવેદનમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ અને આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવા



વચ્ચે આંતરીક સાંઠગાંઠ ચાલી રહી છે. ધવલ પટેલે આશંકા વ્યકત કરી છે કે અનંત પટેલ કોંગ્રેસ સાથે છેડો ફાડીને આમ આદમી પાર્ટીમાં જવાની તૈયારી કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે ચૈતર વસાવા સતત કોંગ્રેસના સભ્યોને પોતાની તરફ ખેંચી રહ્યા છે. જયારે અનંત પટેલ તેમને આડકતરી રીતે સમર્થન આપી રહ્યા છે. આ જોડાણ આગામી સમયમાં કોંગ્રેસને મોટુ નુકશાન પહોચાડશે.

ધવલ પટેલે ગંભીર આરોપ લગાવતા કહ્યુ હતુ કે એક તરફ સરકાર આદિવાસી સમાજના ઉત્થાન અને વિકાસ માટે સતત કામ કરી રહી છે. તો બીજી તરફ અનંત પટેલ અને ચૈતર વસાવા સમાજને ખોટા મુદ્દે ગુમરાહ કરવાનુ કામ કરી રહ્યા છે. અનંત પટેલ આદિવાસી આંદોલનનો મોટો ચહેરો રહ્યા છે. જો તેઓ ખરેખર આમ આદમી પાર્ટીમાં જોડાય તો દક્ષિણ ગુજરાતમાં કોંગ્રેસનુ અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે. ધવલ પટેલના આ નિવેદન બાદ હવે જોવાનુ એ રહેશે કે અનંત પટેલ કે કોંગ્રેસ પક્ષ તરફથી આ બાબતે શું સ્પષ્ટતા કરવામાં આવે છે જયારે ધવલ પટેલ વિપક્ષને આડે હાથ લેતા જણાવ્યુ હતુ કે સરકાર આદિવાસીઓના હિત માટે કટીબધ્ધ છે. પરંતુ વિપક્ષી નેતાઓ માત્ર રાજકીય રોટલા શેકવા માટે સમાજમાં ભ્રમ ફેલાવી રહ્યા છે. સાંસદ ધવલ પટેલે એક જાહેર નિવેદનમાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ અને આમ આદમી પાર્ટી ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચે આંતરીક સાંઠગાંઠ ચાલી રહી છે.

# મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત બાકી રહેલ વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન અને ચોઈસ ફીલિંગની અંતિમ તક

## રાજ્ય પરીક્ષા બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પરંતુ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં બાકી વિદ્યાર્થીઓ માટે પોર્ટલ પુનઃ ખુલ્લું મુકાયુ

શિક્ષણ વિભાગ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે અમલી 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના' અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટેની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા પરંતુ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે પોર્ટલ પુનઃ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

જે વિદ્યાર્થીઓએ તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ લેવામાં આવેલી પરીક્ષા આપી હોય, પ્રથમ કામચલાઉ (Provisional) મેરીટ યાદીમાં સમાવેશ થયો હોય, પરંતુ પ્રથમ ફાઈનલ મેરીટ યાદીમાં જે વિદ્યાર્થીઓને સમાવેશ થયો નથી અને રજીસ્ટ્રેશન કે ચોઈસ ફીલિંગની કામગીરી બાકી રહી ગઈ હોય તેવા વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી રાજ્યના અનેક તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક સહાય મેળવવાની વધુ એક તક પ્રાપ્ત થશે. 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કુલ ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનું લક્ષ્ય છે, જેમાં ખાલી રહેલી બેઠકોમાં આ પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓ અરજી કરી શકશે. આગામી તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી http://gssyguj.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરી શકાશે.

પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ નિયત સમયમર્યાદામાં વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી જરૂરી આધાર-પુરાવા અપલોડ કરવાના રહેશે. રજીસ્ટ્રેશન માટેની વિગતવાર માર્ગદર્શિકા અને સૂચનાઓ વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ અંગેની અપડેટ્સ મેળવવા માટે સમયાંતરે પોર્ટલની મુલાકાત લેવાની રહેશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. - ઋચા રાવલ

# શમશેરસિંહને મુળ કેડરમાં પરત બોલાવાયા: શું તેમને ગુજરાતના ડીજીપી ની જવાબદારી સોંપાશે?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પૂર્વ ડીજીપી વિકાસ સહાય નિવૃત્ત થતા ડો. કે એલ એન રાવ ને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. ત્યારે હાલ બીએસએફના એડીજી શમશેરસિંહને ગુજરાત બોલાવવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. આ આદેશ બાદ અનેક તર્ક વિતર્કો શરૂ થઈ ગયા છે. કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ગુજરાત કેડર (૧૯૯૧ બેચ) ના આઈપીએસ અધિકારી શમશેરસિંહને બોર્ડર સીકયુરીટી ફોર્સ (બીએસએફ) માંથી તાત્કાલીક રીતે તેમના મુળ કેડર ગુજરાતમાં પરત મોકલવાની મંજુરી આપવામાં આવી છે. જેના કારણે હવે આઈપીએસ અધિકારી શમશેરસિંહને ગુજરાતના નવા ડીજીપી બનાવવામાં આવી શકે છે. ગુજરાતના ડીજીપી વિકાસ




સહાયનુ એકસટેન્શન પૂર્ણ થતા ૩૧ મી ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ તેઓ નિવૃત્ત થયા હતા ત્યારે ડો. કે એલ એન રાવને ગુજરાત રાજયના ડીજીપી તરીકે વધારાનો સોંપાયો છે. એલ એન રાવ સીઆઈડી ક્રાઈમમાં કાર્યરત હતા, ડો. કે એલ એન રાવ ૧૯૯૨ ની બેચના આઈપીએસ અધિકારી છે. તેમજ નિવૃત્તિને ૨૨ મહિનાનો સમય બાકી છે. ત્યારે તેમણે ગુજરાત રાજયના ડીજીપીનો વધારાનો હવાલો તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ગુજરાત કેડર ૧૯૯૧બેચના આઈપીએસ અધિકારી શમશેરસિંહ ને બીએસએફમાંથી તાત્કાલીક રીતે તેમના મુળ કેડર ગુજરાતમાં પરત મોકલવાની મંજુરી આપવામાં આવી છે. આ આદેશ મુજબ શમશેરસિંહ હાલ બીએસએફમાં એડીશનલ ડીરેકટર જનરલ (એડીજી) તરીકે બજાવી રહ્યા હતા. પરંતુ તેમની કેન્દ્ર ડેપ્યુટેશનની મુદત પુર્ણ થવા પહેલા જ તેમને ગુજરાત પરત બોલાવવામાં આવ્યા છે. શમશેરસિહ ને ગયા વરસે જાન્યુઆરી ૨૦૨૫ માં ગુજરાતના એન્ટી કરપ્શન બ્યુરો ના ડીજીપી તરીકેની જવાબદારીમાંથી કેન્દ્રીય ડેપ્યુશન પર બીએસએફમાં એડીજી તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. તેમની મુદત માર્ચ ૨૦૨૬ માં નિવૃત્તિ સુધીની હતી. તેમની નિવૃત્તિને ૬ મહિનાથી ઓછો સમય બાકી રહ્યો છે. એટલે જ કદાચ નિયમ પ્રમાણે યુપીએસસી માં તેમનુ નામ મોકલાયુ ન હતુ એટલે તેમને ગુજરાતના ડીજીપી ની કમાન સોંપશે કે નહી તે પણ પ્રશ્નાર્થ છે.

# સુરતમાં પાટીદારોનો પ્રચંડ આક્રોશ: ૩૫ દિવસથી પાટીદાર દિકરી ગાયબ થતા સરથાણા પોલીસ સ્ટેશનનો પાટીદારોએ કર્યો ઘેરાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરતના સરથાણા વિસ્તારમાં પાટીદાર સમાજની ૧૭ વર્ષીય સગીરા ના અપહરણની ઘટનાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. સુરત શહેર ગૃહમંત્રી હર્ષ સંઘવીનુ કહેવાય છે. ઘટનાના ૩૫ દિવસ વિતી જવા છતાં પોલીસ દિકરીને શોધી ન શકતા અને આરોપીને પકડવામાં નિષ્ફળ રહેતા પાટીદાર સમાજમાં ભારે રોષ ફાટી નિકળ્યો છે.



ગુરૂવારે રાત્રે પાટીદાર સેવા સંઘની આગેવાનીમાં મોટી સંખ્યામાં લોકોએ એકઠા થઈને સરથાણા પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. સમાજના આગેવાનોએ પોલીસની કામગીરી પર ગંભીર આક્ષેપો કર્યા છે. પરીવારજનોના જણાવ્યા મુજબ દિકરી ગુમ થયા બાદ આરોપીનો મોબાઈલ ફોન સતત ૫ દિવસ સુધી ચાલુ હતો અને તેનુ લોકેશન પણ મળી રહ્યુ હતુ તેમ છતાં પોલીસે ગંભીરતા દાખવી ન હતી અને ગફલતમાં રહી હતી. જો પોલીસે તત્કાલ કાર્યવાહી કરી હોત તો આજે આરોપી પકડાઈ ગયો હોત, તીરૂપતિ સોસાયટીની વાડીમાં મીટીંગ પુરી કર્યા બાદ ટોળેટોળા પોલીસ સ્ટેશને પહોચ્યા હતા. જયાં સરથાણા પીઆઈ બી બી કરપડાને લોકોએ ઘેરી લીધા હતા અને સવાલોનો મારો ચલાવ્યો હતો. પીઆઈ કરપડાએ બચાવમાં કહ્યુ હતુ કે આરોપી શાતીર છે અને પોલીસની ટીમ તપાસ કરી રહી હતી. જો કે તેમના જવાબથી લોકો સંતુષ્ટ થયા ન હતા, ચર્ચા એવી પણ છે કે આ મામલે પોલીસ કમિશ્નરે પણ સરથાણા પીઆઈનો ઉધડો લીધો હતો. પીડીત સગીરા મુળ સૌરાષ્ટ્રના ગામડાની છે અને સુરતમાં કાકા સાથે રહેતી હતી, દિકરીના ભાઈએ સમાજ પાસે મદદ માંગતા આખો સમાજ તેની પડખે ઉભો રહ્યો છે. પાટીદાર સેવા સંઘે ચીમકી આપી છે કે જો આરોપીને તાત્કાલીક પકડીને વિશેષ ગુન્હો દાખલ કરવામાં નહી આવે અને બેદરકાર પોલીસ અધિકારીઓ સામે પગલા નહી લેવાય તો ગૃહ વિભાગ સુધી રજુઆત કરવામાં આવશે.

# ગુજરાત કોલેજ પાસે હિટ એન્ડ રન, કાર ચાલકે બાઈક સવારને ઢસડતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં નવા વર્ષની સાંજે જ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. એલીસબ્રિજ વિસ્તારમાં આવેલી ગુજરાત કોલેજ પાસે પૂરપાટ ઝડપે આવતી એક અજાણી કારે મોટરસાઈકલ સવારને અડફેટે લઈ રોડ પર ઢસડ્યા હતા. આ ગંભીર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાકરોલ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય ચંન્દ્રકાંતભાઈ વેલજીભાઈ પંચાલ ગત ૧ જાન્યુઆરીના રોજ સાંજે આશરે ૭:૩૦ વાગ્યે પોતાની મોટરસાઈકલ પર અર્ચનાબેન ઓઝાને બેસાડીને પાલડીથી ચાણક્યપુરી તરફ જઈ રહ્યા હતા. જ્યારે તેઓ ગુજરાત કોલેજ ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કાળ બનીને આવેલી એક અજાણી કારે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ટક્કર એટલી પ્રચંડ હતી કે ચંન્દ્રકાંતભાઈ રોડ પર પટકાયા હતા અને કાર ચાલક તેમને રોડ પર ઢસડી ગયો હતો. આ અકસ્માતમાં ચંન્દ્રકાંતભાઈને છાતીના ભાગે પાંસળીઓમાં ગંભીર ફ્રેક્ચર અને શરીરે અન્ય જીવલેણ ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક એલીસબ્રિજની એસ.વી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમણે દમ તોડ્યો હતો.

આ ઘટના અંગે ઋષિ ચંન્દ્રેશકુમાર પંચાલે અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં માલ લોડિંગમાં ઉલ્લેખનીય વધારો

પશ્ચિમ રેલવેના વડોદરાના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ નેતૃત્વ હેઠળ માલ લોડિંગમાં ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. વડોદરા મંડળના પરિચાલન વિભાગ દ્વારા આ નાણાકીય વર્ષમાં ડિસેમ્બર ૨૦૨૫ સુધી કુલ ૧૦.૩૮ મિલિયન ટન માલ લોડિંગ કર્યું છે, જેનાથી રૂા.૧૨૮૮.૭૦ કરોડની આવક થઈ છે. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ ખાતે બાજવા સાઈડિંગ પર ખાતર લોડિંગે નવો માઈલસ્ટોન સ્થાપિત કર્યો છે. જાન્યુઆરી, ૨૦૨૫માં ૪૮ રેકની અગાઉની સિદ્ધિને પાર કરતા ડિસેમ્બર મહિનામાં ૫૦ રેક લોડ કરવામાં આવ્યા, જેના કારણે ખાતર ક્ષેત્રના




વિસ્તરણને વેગ મળ્યો છે. ગોઠનગાંવ ખાતે મેસર્સ કૃભકો ઈન્ફાસ્ટ્રક્ચર લિમિટેડ સાઈડિંગ પર કન્ટેનર લોડિંગમાં પણ રેકોર્ડ વધારો નોંધાયો છે. અગાઉ આ સાઈડિંગ પરથી મહત્તમ ૫૮ રેક લોડ કરવામાં આવ્યા હતા, જ્યારે ડિસેમ્બર મહિનામાં ૬૪ રેક લોડ કરીને નવો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. ડીજીએફજે ટર્મિનલ પર અગાઉ કોઈ એક મહિનામાં સૌથી વધુ ૧૮ મીઠાના રેક અનલોડ કરવામાં આવ્યા હતા, જ્યારે હવે આ સંખ્યા વધીને ૩૩ રેક થઈ ગઈ છે, જે લગભગ બમણી છે.

મંડળ પર માલ લોડિંગમાં વધારો કરવા માટે અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળની અંકલેશ્વર—રાજપિપલા રેલ લાઈન પર આવેલ ગુમાનદેવ સ્ટેશન હવે માલ પરિવહન માટે ખુલ્લું કરવામાં આવ્યું છે. ગુમાનદેવ ગુડ્સ શેડના નવા નિર્મિત ગુડ્સ પ્લેટફોર્મ પર પ્રથમ ઔદ્યોગિક મીઠાની રેક પ્રાપ્ત થવાથી વડોદરા મંડળે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ગુમાનદેવ ખાતે ૬૫૦ મીટર લાંબા નવા ગુડ્સ પ્લેટફોર્મનું કામ પ્રગતિ પર છે અને એક વધારાની લૂપ લાઈન પણ પ્રસ્તાવિત છે.

પ્લેટફોર્મનું નિર્માણ પૂર્ણ થયા બાદ, ભવિષ્યમાં અહીંથી ખાતરની ઢૂલાઈ પણ જલ્દી શરૂ થવાની આશા છે. મંડળ પર ગુડ્સ ટ્રેનોની ગતિમાં પણ ૫ ટકા વધારો થયો છે, જેના કારણે માલ પરિવહનમાં સમયની બચત શક્ય બની છે.

### પોલીસ કર્મીઓની બદલી વિલંબમાં પડતા પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) શંકાના દાયરામાં:

## પૂર્વ ડીજીપી દ્વારા મંજુરીની મહોર મારવામાં આવી હોવા છતાં વિલંબ શા માટે કોંગ્રેસે બદલીઓના વિલંબમાં ભ્રષ્ટાચારની આશંકા વ્યકત કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગૃહ વિભાગ દ્વારા પોલીસ કર્મીઓના પગારમાં વિલંબ બાદ વધુ એક પોલીસ કર્મીઓની બદલીઓમાં વિલંબ થતા ગૃહ વિભાગ ના પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) શંકાના દાયરામાં આવ્યા છે. કોંગ્રેસ મીડીયા કન્વીનર મનિષ દોશી દ્વારા પોલીસ કર્મીઓની બદલીઓમાં વિલંબને લઈ કયાંક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની આશંકા વ્યકત કરી આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. પૂર્વ ડીજીપી વિકાસ સહાય ૩૧ ડીસેમ્બરે નિવૃત્ત થવાના હતા તે અગાઉ ૫૦૦ થી વધુ પોલીસ કર્મીઓની બદલીઓ માટે મંજુરીની મહોર મારી દેવામાં આવી હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે.




પૂર્વ ડીજીપી છેલ્લે છેલ્લે પોલીસકર્મીઓની બદલી માટેના આદેશ કરવાના હતા પરંતુ પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) બે દિવસ માટે રજા પર ઉતરી જતા પોલીસ કર્મીઓની બદલીઓમાં કયાંક ભ્રષ્ટાચારની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

ખુદ પોલીસ કર્મીઓ નામ ન આપવાની શરતે કહી રહ્યા છે કે છેલ્લા દોઢ વરસથી આંતર જિલ્લા ફેરબદલી કરવામાં આવી નથી. અગાઉ કયારેય બદલીઓમાં આટલો સમય વિલંબ થતો ન હતો પરંતુ હાલમાં પોલીસ કર્મીઓની બદલીઓમાં વિલંબ થતા પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) શંકાના દાયરામાં આવ્યા છે.


પૂર્વ ડીજી ના નિવૃત્તિના ૨ થી ૩ દિવસ થવા છતાંય પોલીસ કર્મીઓની બદલીઓ કરવામાં કયા કારણોસર વિલંબ કરવામાં આવી રહ્યો છે તે અંગે પોલીસ મહાનિરીક્ષક (વહિવટ) નો મીડીયા દ્વારા સંપર્ક કરવામાં આવતા પોલીસ મહાનિરીક્ષક (વહિવટે) મીડીયાને મળવાનુ ટાળી દેતા ભ્રષ્ટાચારની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

# ગુજરાત સરકારમાં વધુ ૩ જેટલા આઈએએસ અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપાયો

### રાજેન્દ્રકુમારને જીએસએફસીના એમડી નો વધારાનો ચાર્જ: રાજકુમાર બેનીવાલને શહેરી વિકાસ વિભાગનો ચાર્જ: કે એલ બચાણીને સીવીલ એવીએશનની વધારાની જવાબદારી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે પ્રશાસનિક વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા માટે ૩ આઈએએસ અધિકારીઓને વધારાના ચાર્જ સોંપ્યા છે. આ નિમણુંકો રાજયના મહત્વના વિભાગો અને સંસ્થાઓને અસર કરે છે. જેનાથી વહિવટી કાર્યોમાં વધુ કાર્યક્ષમતા આવશે તેવી અપેક્ષા છે. સૌથી મહત્વની નિમણુંકમાં રાજેન્દ્રકુમારને ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ લી.(જીએસએફસી) ના મેનેજીંગ ડીરેકટર (એમડી) નો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જીએસએફસી રાજયની મહત્વની જાહેર ક્ષેત્રની કંપની છે. જે ખાતર અને રસાયણોના ઉત્પાદનમાં અગ્રણી છે. રાજેન્દ્રકુમાર પોતાના હાલના ચાર્જ સાથે આ જવાબદારી સંભાળશે જેનાથી કંપનીના વિકાસ અને ઉત્પાદનમાં નવો ઉત્સાહ આવે તેવુ માનવામાં આવે છે.




તો બીજી તરફ રાજકુમાર બેનીવાલ ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સચિવનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ગુજરાતમાં ઝડપી શહેરીકરણને ધ્યાનમાં રાખતા આ વિભાગનુ મહત્વ ઘણુ વધી ગયુ છે. સ્માર્ટ સીટી પ્રોજેકટ, આવાસ યોજનાઓ અને શહેરી આયોજન જેવા કાર્યોમાં બેનીવાલનો અનુભવ કામ લાગશે. આ ચાર્જ થી શહેરી વિકાસની યોજનાઓને વેગ મળે તેવી શકયતા છે. જયારે ત્રીજી નિમણુંકમાં કે એલ બચાણી ને સીવીલ એવીએશન વિભાગના કમિશ્નરનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. ગુજરાતમાં હવાઈ માર્ગના વિસ્તાર અને નવા એરપોર્ટના વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ વિભાગ મહત્વનો છે. ઉડાન યોજના અને આંતરરાષ્ટ્રીય હવાઈ સંપર્ક વધારવાના પ્રયાસોમાં બચાણીની ભુમિકા મહત્વની રહેશે.

આ ત્રણેય આઈએએસ અધિકારીઓ પહેલેથીજ રાજયસરકારમાં મહત્વના હોદ્દા પર છે અને તેમના અનુભવને કારણે આ વધારાના ચાર્જ તેમને સોંપવામાં આવ્યા છે.

આ પ્રશાસનિક ફેરબદલથી વિભાગો વચ્ચે વધુ સમન્વય સાધી શકાશે અને રાજયના વિકાસ કાર્યોને વેગ મળશે. ગુજરાત સરકાર આવા ફેરફારો દ્વારા વહિવટને વધુ કાર્યક્ષમ બનાવવાના પ્રયાસો કરી રહી છે. જેનો લાભ સમગ્ર ગુજરાત રાજયને મળશે.

# મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અચાનક પહોચ્યા દિલ્હીના દરબારમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સરકાર અને સંગઠનોમાં ફેરફાર બાદ વધુ એક વખત આજે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અચાનક બપોરે દિલ્હી રવાના થયા હતા અને ભાજપના નવા કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન ગુજરાત ભાજપના સંગઠન અને સરકારના સંકલન બાબતે ચર્ચા થયાનુ જાણવવામાં આવી રહ્યુ છે. મળતી માહિતી પ્રમાણે આજે બપોરે અચાનક જ મુખ્યમંત્રી તથા પ્રદેશ ભાજપ પ્રમુખ દિલ્હીના દરબારમાં પહોચ્યા હતા અને તેમણે ભાજપના રાષ્ટ્રીય કાર્યાલય ખાતે નવા કાર્યકારી પ્રમુખ નિતીન નબીન સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન ગુજરાત વિશે ચર્ચાઓ પણ થઈ હતી. જો કે સત્તાવાર સુત્રોએ આ મુલાકાતને માત્ર શુભેચ્છા મુલાકાત ગણાવી હતી. સુત્રોના કહેવા પ્રમાણે મુખ્યમંત્રી તેમજ પ્રદેશ ભાજપ પ્રમુખે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષને ગુજરાત આવવા આમંત્રણ પાઠવ્યુ છે અને ટુંક સમયમાં જ તેમનો ગુજરાતનો કાર્યક્રમ ગોઠવાય તેવી શકયતા દર્શાવાઈ રહી છે.



### રાજેન્દ્ર પટેલ કલેકટરની ધરપકડ બાદ વધુ ખુલાસા બહાર આવે તેવી શકયતા

## સુરેન્દ્રનગરના કલેકટર રાજેન્દ્ર પટેલે ૧૦ કરોડની લાંચ લીધાનો ધડાકો: ૫૦ ટકા રકમ કલેકટર પોતે રાખતા હોવાનુ બહાર આવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૦૦ કરોડની જમીન બિનખેતી કરાવવાના કૌભાંડ અંગે ઈડીએ તત્કાલીન કલેકટર રાજેન્દ્રકુમાર એમ પટેલની આજે ધરપકડ કરી હતી. ઈડી ની ૩ ટીમો દ્વારા તેમની કલાકો સુધી પુછપરછ કરવામાં આવી હતી. બાદમાં ઈડી એ તેમની ધરપકડ કરી હતી. ઈડી ની તપાસમાં કલેકટરે રૂપીયા ૧૦ કરોડની લાંચ લીધાનુ બહાર આવ્યુ છે. લાંચની ૫૦ ટકા રકમ પોતે રાખતા અને બાકીની અન્ય ૩ સાથી દારોને આપતા હતા. ઈડીને મળેલા ડીઝીટલ ડીવાઈસમાંથી જે શીટસ મળી છે એમાંથી કેવી રીતે જમીનનુ હેતુફેરનુ આખુ સ્કેમ આચરવામાં આવતુ હતુ એનો ખુલાસો થયો હતો. જે ૧૦ કરોડનુ હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ મામલે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, જયરાજસિંહ ઝાલા, મયુરસિંહ ડી ગોહિલે ઈડી સમક્ષ આખા કેસના રહસ્ય વેરી દેતા નિવેદન રેકોર્ડ કરાવ્યુ હતું. આ નિવેદન મુજબ સિસ્ટેમેટીક ચાલતા જમીન કૌભાંડમાં લાંચનો ૫૦ ટકા હિસ્સો કલેકટર રાજેન્દ્ર કુમાર પટેલને મળતો હતો. જયારે અન્ય અધિકારી એડીશનલ કલેકટર ઓઝા ને ૨૫ ટકા મળતો હતો. માત્ર એટલુ જ નહી આ ત્રણેય લોકોએ મુખ્ય સુત્રધાર અને લાભકર્તા તરીકે કલેકટર રાજેન્દ્ર પટેલનુ જ નામ લીધુ હતું. ચંદ્રસિંહ મોરીએ ઈડી સમક્ષ નિવેદન રેકોર્ડ કરાવ્યુ હતુ કે લાંચનો ૫૦ ટકા હિસ્સો સુરેન્દ્રનગરના જિલ્લા કલેકટર ડો. રાજેન્દ્રકુમાર મહેન્દ્રભાઈ પટેલને મળતો હતો. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આ બધો હિસાબ કલેકટરના પીએ જયરાજસિંહ ઝાલા રાખતો હતો અને લાંચમાં કલેકટરનો હિસ્સો પણ તે જ લઈ જતો હતો અને ડો. રાજેન્દ્ર પટેલ સુધી પહોચાડતો હતો. જયારે કલેકટરના પીએ જયરાજસિંહ ઝાલાએ ઈડી સમક્ષ સ્વીકાર્યુ કે લાંચનો ૫૦ ટકા હિસ્સો સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ડો. રાજેન્દ્રકુમારને મળતો હતો.



આ ઉપરાંત તેણે એ પણ સ્વીકાર્યુ કે આ હિસાબની શીટ જિલ્લા કલેકટર સાથે શેર કરતો હતો. લાંચની રકમ મેજીસ્ટ્રેરીયલ બ્રાન્ચ અને જિલ્લા કલેકટરના જીયોલોજી ડીપાર્ટમેન્ટમાં સ્વીકારવામાં આવતી હતી. કલેકટર ઓફીસના કલાર્ક મયુરસિંહ ડી ગોહિલે ઈડી સમક્ષ કહ્યુ હતુ કે જમીનના હેતુફેર માટે જિલ્લા કલેકટર અંતિમ નિર્ણય લેતા હતા. ઈડી ની પ્રાથમિક તપાસમાં કેટલીક ચોંકાવનારી બાબતો બહાર આવી છે. જે મુજબ ૨૩ ડીસેમ્બર ના રોજ સુરેન્દ્રનગર ના નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘરેથી સર્ચ દરમિયાન બેડમાં છુપાવેલી ૬૭.૫૦ લાખ રોકડ મળી હતી. આ તપાસ દરમિયાન ચંદ્રસિંહે કહ્યુ હતુ કે લાંચમાંથી ૫૦ ટકા હિસ્સો જિલ્લા કલેકટરને મળતો હતો. ૧૦ ટકા પોતે રાખતો હતો અને બાકીની રકમ અન્ય અધિકારીઓ, જેમ કે રેસીડેન્ટ એડીશનલ કલેકટર આર કે ઓઝાને ૨૫ ટકા મળતા હતા. મામલતદાર મયુર દવે ને ૧૦ ટકા અને કલાર્ક મયુરસિંહ ડી. ગોહિલને ૫ ટકા મળતા હતા.

## સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં બહાર આવેલુ કૌભાંડ: લાઈટીંગની ખરીદીમાં મહિલા ડેપ્યુટી ડીડીઓએ કેમ ભ્રષ્ટાચાર આચરવા દીધો: દબાણ કે પ્રલોભન?

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લા પંચાયતના તબકકાવાર આવતા માલ સામાન ખરીદીના ટેન્ડરમાં સુનિયોજીત રીતે અને ચોકકસ ટોળકીના વગ હેઠળ બેફામ ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. ગ્રાન્ટ ઉપલબ્ધ હોવાથી લાઈટીંગનો સામાન ઓનલાઈન ગર્વમેન્ટ ઈ-માર્કેટપ્લેસ ઉપરથી ખરીદવા પૂર્વ આયોજીત સેટીંગ કર્યુ હતું. નિવૃત્ત થયેલા મહિલા ડેપ્યુટી ડીડીઓના સમયમાં એલઈડી લાઈટીગ ટેન્ડરમાં કોઈપણ હરીફાઈ વગર ચોકકસ વેપારી પાસેથી ખરીદી કરી / કરાવી ભેગા મળીને તાકાત ધરાવતાએ ભાગ બટાઈ કરી હતી.




હવે હાલના ડે.ડીડીઓ ગીતાબેને પણ અગાઉની રીતરસમ મુજબ સેટીંગવાળા ટેન્ડરને કેમ મુંગે મોઢે થવા દીધુ તે સૌથી મોટો સવાલ ઉભો થવા પામ્યો છે. હાઈમાસ્ટ લાઈટીંગના ૫૧ લાખના ટેન્ડરમાં સંપૂર્ણ સેટીંગ હોવા છતાં ગીતાબેન ઠાકોર અને તેમના સાહેબ ડીડીઓને કેમ દેખાતુ નથી તેનો ઘટસ્ફોટ થવા પામ્યો છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયતની વિકાસ શાખાને છેલ્લા કેટલાક મહિનાઓથી ભરપુર વહિવટી મંજુરીઓ માલ સામાનની ખરીદી માટે આવી રહી છે. તત્કાલીન મહિલા ડેપ્યુટી ડીડીઓ કાપડીયાબેને એલઈડી લાઈટીંગનુ ૫૭ લાખનુ ટેન્ડર કર્યુ તેમાં સંપૂર્ણ બનાવટી અને નાટયાત્મક ભાવ ઓફર / ભાવ ઘટાડાની પ્રક્રિયા થઈ હતી. ૫૭ લાખનુ ટેન્ડર કોઈપણ હરીફાઈ વગર એલ-૧ લાવવામાં આવેલ પૂર્વ આયોજીત સેટીંગવાળી એજન્સીને ફાળે ગયુ હતું. ૫૭ લાખ બીડ વેલ્યુની જાણ હોવા છતાં એલ-૨ અને એલ ૩ એજન્સીએ ઈરાદાપૂર્વક વધારે ભાવ ઓફર કર્યા હતા. હવે હાલના ડેપ્યુટી ડીડીઓ ગીતાબેન ઠાકોરે કુલ ૫૧ હાઈમાસ્ટ લાઈટીંગનુ ટેન્ડર કર્યુ તેમાં પણ બનાવટી અને દેખાડો કરવા પુરતી પૂર્વ આયોજીત સેટીંગવાળી આર એ પ્રક્રિયા થઈ છે. ૫૧ લાખ બીડ વેલ્યુની જાણકારી હોવા છતાં બાયર અને સેલરે ઈરાદાપૂર્વક એલ-૧ એજન્સીને કોઈપણ સ્પર્ધા કરાવ્યા વિના રૂપીયા ૫૦,૫૦,૭૮૨ થી વર્ક ઓર્ડર કરાવી દીધો છે. સુત્રોએ જણાવ્યુ હતુ કે પૂર્વ ડેપ્યુટી ડીડીઓ કાપડીયાના હસ્તે થયેલ એલઈડીના ૫૭ લાખ ના ટેન્ડરમાં અને હાલના ડેપ્યુટી ડીડીઓ ગીતાબેન ઠાકોરના હાઈમાસ્ટ લાઈટીંગના ૫૧ લાખના ટેન્ડરમાં એલ ૧ એજન્સીને કોઈપણ સ્પર્ધા નથી મળી તેની જાણ ખરીદનાર અધિકારી અને કમિટીને ન હતી ?

આ બંને ટેન્ડરમાં એજન્સીઓ વચ્ચે નિયમોનુસાર ભાવ સ્પર્ધા નથી થઈ તેમ છતાં વર્ક ઓર્ડર થઈ શકે ? બનાવટી આર એ થયુ, કરાવ્યુ, થવા દીધુ અને અમલ પણ કર્યુ તેની જાણકારી ડીડીઓ હર્ષદ વોરાને નથી ? એજન્સીઓની અંદરો અંદર ભાગ બટાઈ થઈ તેનો મજબુત પુરાવો આર એ પ્રક્રિયામાં છતો થાય છે. તો પછી કેમ બંને મહિલા ડેપ્યુટી ડીડીઓ અને ડીડીઓ હર્ષદ વોરાએ ધ્યાને ન લીધુ ? શું કોઈ રાજકીય દબાણ હતુ ? ટેન્ડર ઓનલાઈન થતા પહેલા કઈ એજન્સી કે એજન્ટો ડેપ્યુટી ડીડીઓ, ડીડીઓ અને રાજકીય આગેવાનને મળવા ગયા હતા ?

# આજે અને આવતી કાલે સાબરકાંઠા જિલ્લા તમામ બુથ ખાતે બીએલઓ વાંધા હક્ક દાવાઓ અરજીઓ સ્વીકારશે

### સાબરકાઠા જિલ્લામાં તા.૩ અને ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તમામ બુથ ખાતે વાંધા હક્ક દાવા અરજીઓ સ્વીકારાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ભારતના ચુંટણીપંચ નવી દિલ્હીની વખતા`વખતની સુચના અનુસાર તારીખ ૧/૧/૨૦૨૬ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા ૨૦૨૬ ની (એસઆઈઆર) અંતર્ગત તારીખ ૧૯/૧૨/૨૦૨૫ થી તારીખ ૧૮/૧/૨૦૨૬ સુધી હક્ક દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે.

આગામી તારીખ ૩/૧/૨૦૨૬ શનિવાર તથા તારીખ ૪/૧/૨૦૨૬ રવિવારના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી તમામ બુથ લેવલ અધિકારીઓ મતદાન મથકો ખાતે હાજર રહી મતદારો દ્વારા રજુ થતા વાંધા હક્ક દાવા અરજીઓ સ્વીકારશે. જેમાં મતદારોનુ નામ દાખલ કરવા માટે ફોર્મ-૬, વિદેશમાં વસતા ભારતીય મતદાર દ્વારા યાદીમાં સમાવેશ માટે ફોર્મ-૬ (એ), મતદાર ઓળખ કાર્ડ સાથે આધાર લીંક કરાવવા ફોર્મ ૬ (બી), મતદાર યાદીમાં નામ કમી કરવા ફોર્મ ૭ , મતદાર યાદીમાં સરનામુ / વિગતો બદલવા માટે ફોર્મ ૮ ઓનલાઈન અરજી કરવા voter helpline apps તથા https://voters.eci.govi.in પર લોગીન કરી ફોર્મ ભરી શકાશે. વધુમાં મતદાર યાદીમાં સુધારા વધારાની પુછપરછની વિગતો માટે ૧૯૫૦ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવાનો રહેશે. આ ખાસ ઝુંબેશના દિવસોમાં મતદારો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ ૨૦૨૬ અંતર્ગત નીચે મુજબની વિગતો ખરાઈ કરી શકશે.

જેમાં (૧) મુસદ્દા મતદાર યાદી માં નામ છે કે નહી તે ચકાસી શકાશે (૨) મુસદ્દા મતદાર યાદીમાં નામ દાખલ થયેલ ન હોય તો ફોર્મ ૬ (ડીકલેરેશન સાથે) ભરીને આપી શકાશે (૩) સાબરકાંઠા જિલ્લાના મતદારો તેઓનુ નામ એ / એસ / ડી યાદીમાં છે કે કેમ તેની ખરાઈ https://sabarkantha.nic.in લીંક દ્વારા કરી શકાશે. NO MAPPING તથા uncollectable ના કિસ્સામાં મતદારો પુરાવા રજુ કરી શકશે. આથી જિલ્લામાં કોઈપણ લાયક મતદાર મતદાનના અધિકાર થી વંચિત ન રહે તે માટે મતદાર યાદીમાં પોતાનુ નામ અવશ્ય નોંધાવી લોકશાહીમાં પોતાનુ પ્રદાન કરવા અનુરોધ છે. વધુમાં ૨૭ હિંમતનગર વિધાનસભા મતવિસ્તારના હિંમતનગર શહેરમાં જે સ્કુલોમાં તારીખ ૪/૧/૨૦૨૬ ના રોજ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષા યોજાનાર છે તે મતદાન મથકો ઉપર બીએલઓ બપોરે ૨ થી ૫ દરમિયાન હાજર રહી પોતાની ફરજ બજાવશે તેવુ નાયબ જિલ્લા ચુંટણી અધિકારી સાબરકાંઠાની એક યાદીમાં જણાવાયુ છે.

| અનુક્રમનંબર | ભાગ નંબર | ભાગનુ નામ | મતદાન મથકનુ સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૫૭ | સવગઢ-૧૦ | આદર્શ હાયર સેકન્ડરી શાળા રૂમ નંબર ૪ |
| ૨ | ૮૪ | હિંમતનગર -૧ | ત્રિવેણી વિદ્યાલય મહેતાપુરા હિંમતનગર રૂમ નં.૧ |
| ૩ | ૮૫ | હિંમતનગર-૨ | ત્રિવેણી વિદ્યાલય મહેતાપુરા હિંમતનગર રૂમ નં.૫ |
| ૪ | ૯૯ | હિંમતનગર-૧૬ | નવી માયઓન હાઈસ્કુલ (ગ્લાસ ફેકટરી) રૂમ નં.૯ |
| ૫ | ૧૧૦ | હિંમતનગર ૨૭ | નવી માયઓન હાઈસ્કુલ (ગ્લાસ ફેકટરી) રૂમ નં. ૨ |
| ૬ | ૧૧૧ | હિંમતનગર ૨૮ | નવી માયઓન હાઈસ્કુલ (ગ્લાસ ફેકટરી) રૂમ નં.૧૧ |
| ૭ | ૧૧૨ | હિંમતનગર ૨૯ | નવી માયઓન હાઈસ્કુલ (ગ્લાસ ફેકટરી) રૂમ નં.૫ |
| ૮ | ૧૧૩ | હિંમતનગર ૩૦ | માયઓન હાઈસ્કુલ રૂમ નં.૧૦ |
| ૯ | ૧૧૪ | હિંમતનગર ૩૧ | મદ્રેસા હાઈસ્કુલ વહોરવાડ નવુ મકાન રૂમ નં. ૮ |
| ૧૦ | ૧૧૫ | હિંમતનગર ૩૨ | મદ્રેસા હાઈસ્કુલ પ્રાથમિક વિભાગ નવુ મકાન રૂમ નં. ૬ |
| ૧૧ | ૧૧૬ | હિંમતનગર ૩૩ | મદ્રેસા હાઈસ્કુલ વહોરવાડ નવુ મકાન રૂમ નં. ૧૦ |
| ૧૨ | ૧૨૦ | હિંમતનગર ૩૭ | ન્યુ ઈગ્લીંસ હાઈસ્કુલ રૂમ નં. ૧ |
| ૧૩ | ૧૨૧ | હિંમતનગર ૩૮ | ન્યુ ઈગ્લીંસ હાઈસ્કુલ રૂમ નં. ૨ |
| ૧૪ | ૧૨૨ | હિંમતનગર ૩૯ | ન્યુ ઈગ્લીંસ હાઈસ્કુલ રૂમ નં. ૩ |
| ૧૫ | ૧૨૩ | હિંમતનગર ૪૦ | જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય રૂમ નં.૫ |
| ૧૬ | ૧૨૪ | હિંમતનગર ૪૧ | જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય રૂમ નં.૬ |
| ૧૭ | ૧૨૬ | હિંમતનગર ૪૩ | હિંમત હાઈસ્કુલ નં. ૧ રૂમ નં. ૧૧ |
| ૧૮ | ૧૨૭ | હિંમતનગર ૪૪ | હિંમત હાઈસ્કુલ નં. ૧ રૂમ નં. ૧ |
| ૧૯ | ૧૩૦ | હિંમતનગર ૪૭ | હિંમત હાઈસ્કુલ નં.૧ રૂમ નં. ૩૫ |
| ૨૦ | ૨૧૫ | કાંકણોલ-૫ | જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય(મહાકાળી મંદિર કાંકણોલ રોડ) રૂમ નં. ૩૩ |
| ૨૧ | ૨૧૮ | કાંકણોલ ૮ | જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય(મહાકાળી મંદિર કાંકણોલ રોડ) રૂમ નં. ૩૫ |
| ૨૨ | ૨૧૯ | કાંકણોલ ૯ | જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય રૂમ નં. ૩૫ |

## ગિરનાર ચઢતાં ચઢતાં પગથિયા પર બેસવા જતા આધેડ ખીણમાં પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

ગુજરાતના પવિત્ર યાત્રાધામ ગિરનાર પર્વત પર એક કરૂણ ઘટના ઘટી છે. ગિરનાર પર્વત પરની સીડી પરથી ખાડીમાં પડી જતા ૪૫ વર્ષના પુરુષનું મોત થયું છે. આ મૃતકનું નામ આશિષ દોષી હોવાનું સામે આવ્યું છે. હાલ આ આશિષ દોષીના મૃતદેહને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. આ અંગે હાલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, ૪૫ વર્ષના આશિષ દોષી જૂનાગઢના ગિરનાર પર્વત પર ચઢી રહ્યા હતા. આ દરમિયાન તે થાક ખાવા માટે કે કોઈ અન્ય કારણે પાસેના પગથિયા પર બેસવા જતા અચાનક ખીણમાં ખાબક્યા હતો. આ જોતા આસપાસના લોકોમાં હોબાળો મચી ગયો હતો.

જોકે, આ અંગેની જાણ થતા ડોલીવાળાઓએ મહામહેનતે ખીણમાંથી આધેડનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

જે બાદ ડોલીવાળાઓએ ભેગા થઈને તેમના મૃતદેહને પર્વત પરથી નીચે લઈ ગયા હતા. હાલ આધેડના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ સાથે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ પહેલા ઓકટોબર, ૨૦૨૫માં પણ આવો બનાવ બન્યો હતો. એક યુવક ગિરનાર પર્વત પર ચઢાણ કરી રહ્યો હતો ત્યારે આ દુઃખદ દુર્ઘટના બની હતી. મૃતક યુવક સીડીના પગથિયાનો ઉપયોગ કરવાને બદલે પર્વતના ખરબચડા પથ્થર પરથી ચઢાણ કરી રહ્યો હતો. આ જોખમી પ્રયાસ દરમિયાન તે આશરે ૨૫૦૦ પગથિયાની ઊંચાઈએથી નીચે પટકાયો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે યુવકના માથામાં ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું.

## મંત્રીઓના ભાષણોથી કંટાળેલી પ્રજા બાદ હવે તો આચાર્યો પણ ભાષણોથી કંટાળી ઘોર નિંદ્રામાં પોઢે છે: આચાર્યો ઘોર નિંદ્રામાં પોઢેલાનો વિડીયો વાયરલ થતા શિક્ષણ જગતમાં ખળભળાટ

### રાજય આચાર્ય સંઘની એક મહત્વપૂર્ણ બેઠક અંબાજીમાં યોજાઈ હતી: સવાલોના ઘેરા માં શિક્ષણના પાઠ ભણાવનારા આચાર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે હાલમાં જ ગુજરાત રાજય આચાર્ય સંઘની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો હેતુ શિક્ષણની ગુણવત્તા સુધારવા અને ભાવિ પેઢીના ઘડતર અંગે ચર્ચા કરવાનો હતો. પરંતુ આ કાર્યક્રમ કોઈ અન્ય કારણોસર ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે. સોશીયલ મીડીયા પર વાયરલ થયેલા એક વિડીયોએ શિક્ષણ વિભાગની ગંભીરતા સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

આ બેઠકમાં રાજય સરકારના શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા અને પ્રભારી મંત્રી કમલેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



મંત્રીઓ જયારે મંચ પરથી રાજયના શિક્ષણ અને આચાર્યોની જવાબદારીઓ વિશે ગંભીર ભાષણો આપી રહ્યા હતા ત્યારે સભાખંડમાં બેઠેલા કેટલાક આચાર્યો કુંભકર્ણ ની નિંદ્રામાં પોઢી ગયેલા જોવા મળ્યા હતા. વિડીયોમાં સ્પષ્ટ જોવા મળ્યુ કે એક બે નહિ પરંતુ ૧૦ થી વધુ આચાર્યો આરામથી ખુરશીમાં મીઠી નિંદ માણી રહ્યા હતા અને મંત્રીઓના સંબોધનની કોઈ જ અસર તેમના પર થતી ન હતી. જે આચાર્યોના શિરે હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજજવળ કરવાની અને તેમને જાગૃત રાખવાની જવાબદારી છે તેઓ પોતે જ રાજયસ્તરની મહત્વની બેઠકમાં આ રીતે ઘોર નિંદ્રામાં જોવા મળે તે બાબત અત્યંત આઘાતજનક છે. આ ઘટનાને પગલે સોશીયલ મીડીયા અને શિક્ષણ જગતમાં તીખી પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે.